અનુ.જનજાતિની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ અંગે..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અમશ/૧૫૦૮/ન.બા.૬/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 19 APR 2008

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગના ૨૫/૦૫/૦૭ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૧૫૦૫/ન.બા-૩/ઘ
૨. કમિશનરશ્રી,આ.વિ.ના તા:૨/૧/૦૮ ના પત્ર ક્રમાંકઃ આવિ / આશા/ ૨/૨૦૦૭-૦૮ ૩૧ થી ૩૨

ઠરાવ :-

આમુખ ક્રમાંક:(૧) માં જણાવેલ તા:૨૫/૦૫/૦૭ ના ઠરાવથી અનુ. જનજાતિના વિધાર્થીઓ માટે ૮ નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે. આ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ૨૦૦૮-૦૯ના શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯ નો વર્ગ શરૂ કરવાનો થાય છે. આ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ માટે રૂ.૧,૧૫,૪૭,૦૦૦/-વિભાગ-૧ની નવી બાબત નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં રજૂ કરવામાં આવી છે આ નવી બાબતને મંજૂરી આપવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવેલ ૫ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ૨૦૦૮-૦૯ ના શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯ નો વર્ગ શરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, | મુ.પો. ખેરોજ ,તા. ખેડબ્રહ્મા ,જિ.સાબરકાંઠા |
| ૨ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, | મુ.પો.પારડી,કણદે ,તા. ચોર્યાસી જિ. સુરત |
| ૩ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, | મુ.પો. ભુવાલ તા. મેઘરજ, જિ. સાબરકાંઠા |
| ૪ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, | મુ.પો. ખેમરાજીયા તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા |
| ૫ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, | મુ.પો. હનમતમાળ,તા. ધરમપુર, જિ. વલસાડ |

આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂ.૧,૧૫,૪૭,૦૦૦/- ની જોગવાઈને ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૨/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે નીચે દર્શાવેલ જગ્યાઓ મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | ફીકસ પગાર |
|---|---|---|---|---|
| ૧) | મદદનીશ શિક્ષક | ૫ | ૫૦૦૦-૮૦૦૦ | ૩૫૦૦/- |
| ૨) | રસોડા કામદાર | ૫ | | ૧૫૦૦/- |

૧ નાણાં વિભાગના:૧૬/૨/૦૬ અને તા:૧/૮/૦૬ના ઠરાવની જોગવાઈ મુજબ મદદનીશ શિક્ષકોની જગ્યાઓ માસિક રૂપિયા ૩૫૦૦/- ના ફીકસ પગારથી સીધી ભરતીથી ભરવાની રહેશે.

૨ રસોડા કામદારની જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગ તા:૩૦/૧૧/૦૬ના ઠરાવની જોગવાઇ મુજબ રૂ.૧૫૦૦/- માસિક ફીકસ પગાર થી આઉટસોર્સિંગ થી ભરવાની રહેશે.

૩ બોલીઓ અને શરતો

૧ ફીકસ પગારથી ભરવાની થતી જગ્યાઓ ભરતી વખતે નાણાં વિભાગના તા:૧૬/૦૨/૦૬ના ,તા:૧.૮.૦૬ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ના ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨ સીધી ભરતીથી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમોનુસાર સીધી ભરતીના / બઢતીના ફાળે આવતી હોવાની શરતે ભરવાની મંજૂરી આપવામાં આવે છે.

૩ સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા:૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦-(પા.ફા)પી.ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા:૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

૪ આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

૫ આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે

૬ આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને તા:૧/૪/૦૮ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે

૭ કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રર્વતમાન ભરતી નિયમોનુસાર ઉમેદવારે નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૮ રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત થતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

૯ આ જગ્યાઓ તા:૨૮/૨/૦૯ સુધી ચાલું રાખવાની મંજૂરી આપીએ ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી મંજૂરી મેળવવાની રહેશે.

૪/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે અન્ય શરતો યોજનાની પેર્ટન પ્રમાણે યથાવત રહેશે

૫/ આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક:૯૬ મુખ્ય સદર :૨૨૨૫ અનુ. જાતિ ઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ(ચાલુ)-૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના , બીસીકે-૧૭૯ , આશ્રમશાળાઓ વિગતવાર સદર -સહાયક અનુદાન -(ગ)અન્વયે " હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી(ખર્ચ) નાંણા વિભાગની તા: ૩૧/૩/૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>
માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.શિક્ષણ મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ સચિવશ્રીઓ આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
સર્વે ઉપ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
તકેદારી અધિકારીશ્રીઓ , આ.વિ
સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ,
નાણાસલાહકારશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.

AMS-1508-NBA-6-GH-408-J